# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૮
સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧.૪૫, ૪.૪૫,૧૦.૧૫
બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫
**સ્ક્રીન-૩ :** બીટ્ટુ બોસ :૧૨.૦૦
બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦
**સ્ક્રીન-૪ :** છોડો કલ કી બાતે : ૧૨.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦
બીટ્ટુ બોસ :૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી(હિન્દી) : ૬.૦૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૯.૦૦
હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦
**સ્ક્રીન-૪ :** બીટ્ટુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત ઝૂકે નહી સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- પ્રજાપતિ સમાજ, ગાંધીનગર દ્વારા ૧૧.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ
- એલડીઆરપી સ્ટુડન્ટ કોમ્યુનિટી ગાંધીનગર દ્વારા ૩.૦૦ કલાકે શૈક્ષણિક કાર્યક્રમ

### ટાઉન હોલ

- લીપ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ૩.૦૦ કલાકે વાર્ષિકોત્સવ
- આજે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા "૧૦૨ નોટ આઉટ" સૌમ્ય જોશી લિખિત નાટક રાત્રે ૯.૦૦ કલાકે

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** વિદ્યાર્થી વર્ગને અભ્યાસ પ્રત્યે આપની પ્રવૃત્તિમય પ્રકૃતિ વિવિધ લક્ષી રહે. ઉભી થયેલી મુશ્કેલીઓનો ઉકેલ આવે અને ઉત્તમ પરિણામ શકશો. રૂચિ દાયક કામકાજ કરી શકશો.

**વૃષભ :** આપની સુખ સગવડની ઉપલબ્ધિ માટે આપના મિત્રો તરફથી સહકાર મળી રહે. કૌટુંબિક તથા સ્વજનનોના સમૂહમાં સન્માનજનક પરિસ્થિતિ પ્રાપ્ત થાય. દિવસભર આનંદ જળવાય.

**મિથુન :** મહત્ત્વાકાંક્ષા તથા આત્મવિશ્વાસ કેળવીને આગળ વધવા માટે સમય ખૂબ ઉત્તમ છે. વર્તમાન પરિસ્થિતિ સાથે સમાધાન કરીને કાર્યશીલ રહેવું. માનસિક પરિતાપ જણાય.

**કર્ક :** દિવસભર આપના વિચારોના અમલ માટે આપની વિચારસરણીમાં મતભેદ જોવા મળે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. સ્વાસ્થ્ય સાનુકૂળ બને.

**સિંહ :** ધાર્મિક વિચારસરણી સાથે કાર્યક્ષેત્રમાં આપની જવાબદારી પ્રત્યેની ધીરજ આપના માટે શ્રેષ્ઠ પરિણામ આપે. આપની અપેક્ષા મુજબ આજે પરિણામ પ્રાપ્ત થશે. શારીરિક સબંધિત ચિંતા અનુભવાય.

**કન્યા :** આપને કરેલ આર્થિક આયોજનમાં સરળતા જણાય. શાંતિ પૂર્વક કરેલ કાર્યરંભમાં શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થાય. સંતાન સબંધી નૂતન પરિણામ જાણવા મળે. વ્યવહારિક માન પદ પ્રાપ્ત થાય.

**તુલા :** ચિંતાજનક સમય આપને સહજ અને સરળ બનતો જણાય. આનંદના અતિરેકમાં પૂર્વ કરેલ કાર્યની અવગણના ન બની રહે તેનો ખ્યાલ રાખવો. આર્થિક સમસ્યાઓમાં આપનો સમય ચિંતિત બનાવે નહિ તે જોવું.

**વૃશ્ચિક :** વડિલો પ્રત્યે આદરભાવ રાખી કાર્ય આરંભ કરવાથી કાર્ય સરળ બને. આત્મવિશ્વાસ સાથે આમ આગળ વધી શકશો. વિદ્યાર્થી વર્ગને ઈચ્છિત ક્ષેત્રમાં પરિણામ શુભ મળી રહે.

**ધન :** દરેક કાર્યમાં પૂર્ણ સહયોગના શુભ સ્થાને મળી રહે. મુંઝવણ અને મુશ્કેલી ઓને દુર કરી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય. આર્થિક તથા વ્યવહારિક બાબકોમાં સુખદતા જળવાય.

**મકર :** આપની વિચારસરણીને આધિન રહીને જ કાર્ય આરંભ કરવો. આપના દરેક પ્રશ્નોમાં સમાધાનકારી વલણમાં શુભ પરિણામ મેળવી શકશો. સંતાન સબંધી ચિંતાજનક પરિસ્થિતિ જળવાય.

**કુંભ :** આવક તથા વ્યવસાયિક પરિવર્તનો કે વ્યાપારિક ક્ષેત્રમાં વૈવિધ્યલક્ષી નિર્ણયો લેવા માટેનો ઉત્તમ સમય, કૌટુંબિક તથા કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન :** અચાનક ધન પ્રપ્તિનો સંયોગ બની રહે. શેર -સટ્ટાથી સાચવવું. ભાતૃ પક્ષે વૈચારિક મતભેદ જણાય. વડિલ વર્ગ તરફથી સ્વાસ્થ્ય સબંધિત ચિંતા જનક પરિસ્થિતિ બની રહે. જાવકનું પ્રમાણ વધુ રહે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન ગૌતમભાઈ ચાવડા (ઉ.વ. ૪૮ ) પ્લોટ નં. ૧૦૪/૨, સેક્ટર- ૧૪, ગાંધીનગર
- સ્વ. ચેતનકુમાર નરેશભાઈ જેથલીયા (ઉ.વ. ૪૮ ) પ્લોટ નં. ૬૨૩/૧, સેક્ટર- ૨/બી, ગાંધીનગર

# ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચની રાજ્ય કક્ષાના ઉચ્ચ અધિકારીઓ સાથે મળેલી સમીક્ષા બેઠક



ગાંધીનગર, તા. ૧૨

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, નવી દિલ્હીના ચેરમેનશ્રી ડૉ. પી. એલ. મુનિયા, વાઈસ ચેરમેન શ્રી રાજકુમાર વેરકા અને સભ્યશ્રી રાજુભાઈ પરમાર સહિત અધિકારીઓ સાથેની આયોગની ટીમે આજે ગાંધીનગર ખાતે રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ હસ્તકની પ્રવૃત્તિઓ સંદર્ભે સમીક્ષા બેઠક યોજી હતી.

પ્રારંભમાં આવકાર પ્રવચન કરતાં સામાજિક ન્યાય, અધિકારિતા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં અનુસૂચિત જાતિઓના હિતોની અભિવૃદ્ધિ રાજ્ય સરકાર વિશેષ કાળજીથી લઈ રહી છે. રાજ્યમાં અનુસૂચિત જાતિ માટેની યોજનાઓમાં અપાતી સહાયના દરોમાં રાજ્ય સરકારે નોંધપાત્ર વધારો કર્યો છે, તેની વિગતો આપતાં મંત્રીશ્રીએ કહ્યું કે, અનુસૂચિત જાતિના યુવાનોને અપાતી કોમર્શીયલ પાયલોટ તાલીમ, યુવાનોને વ્યવસાયિક તાલીમથી સજ્જ બનાવવા સંતશ્રી રવિદાસ કૌશલ્ય વર્ધક તાલીમ અને વિદ્યાર્થીઓ માટે ચાલતી નિવાસી શાળામાં અપાતી ગ્રાન્ટ રાજ્ય સરકારે બમણી કરી છે. શ્રી વાઘેલાએ કુંવરબાઈનું મામેરું, સમુહલગ્ન યોજના વિગેરેની વિસ્તૃત વિગતો આપીને અનુસૂચિત જાતિ માટેની યોજનાઓમાં સમગ્ર રાષ્ટ્રમાં રાજ્ય સરકારનું કામ ઉડીન આંખે વળગે તેવું છે, તેમ જણાવી છાત્રાલય સુવિધા માટે ૧૦૦ કરોડની ફાળવણીનો ઉલ્લેખ કરીને આ જોગવાઈઓને સમગ્ર દેશમાં અભૂતપૂર્વ ઘટના ગણાવી હતી.

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ ડૉ. પી. એલ. મુનિયાએ કહ્યું કે, રાષ્ટ્રના લોક કલ્યાણના હેતુલક્ષી બંધારણે કોઈપણ જાતના ભેદભાવ વગર સૌને સમાન તક અને નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતથી ગોઠવણ કરી છે. આ જોગવાઈ અનુસાર ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનામાં અપાતી સહાયના દરો અને આવકમર્યાદામાં કરાયેલા વધારાની વિગતો મેળવી શ્રી મુનિયાએ ગુજરાતને કલ્યાણ રાજ્ય ગણાવી આજની બેઠકમાં કરાયેલા સૂચનોનું અમલીકરણ અને તે સંદર્ભે જોગવાઈ કરવા જણાવ્યું હતું.

## આંબેડકર જન્મજયંતિ નિમિત્તે સંત રોહિદાસ મંદિરમાં દંત ચિકિત્સા કેમ્પ

ગાંધીનગર, તા.૧૨

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મજયંતિ પ્રસંગે સંત શ્રી, રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગર તરફથી દંત ચિકિસ્તા કેમ્પ તા. ૧૪મી એપ્રિલના રોડજ સંત શ્રી, રોહિદાસ મંદિર સેકટર-૬માં યોજાશે. સંસ્થાના પ્રમુખ શ્રી, મુલચંદભાઈ કે. રાઠોડ અને મંત્રી શ્રી, અનિકભાઈ કે. પરમાર કેમ્પમાં લાભ લેવા માટે અપીલ કરે છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા સાબરકાંઠાના આદિવાસી વિસ્તારમાં ચરણ સેવા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સદવિચાર પરિવાર, અરૂણોદય સેવા ટ્રસ્ટ તથા ગાંધીનગરવાસીઓની સંવાદના સામે સાબરકાંઠા જિલ્લાના રાજસ્થાન સરહદ પરના ગ્રામ્ય વિસ્તારોમાં બળબળતી બપોરે અગ્નિવર્ષા જેવા તાપમાં ઉઘાડા પગા લોકોને પગરખાંની ચરણ સેવા કરવામાં આવી હતી.

મેઘરજ, મોડાસા તાલુકાના છીકરા, કડા, રમાડ, મોરલી, વાસળી, રાયાવાડા, ઉકરડી, નવી વાંકગોઢા વિસ્તાર તથા મેઘરજ સેવામંડળની ૧૧ શાળાઓ, દિવ્ય જ્યોતિ શિક્ષણ સંકુલ, સીસોદર, મોડાસા ખાતેની બહેરા- મૂંગા શાળા તથા પોલીટેકનીકના બાળકોને પગરખાંથી ચરણ સેવા મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચ, શ્રીમયુરભાઈ વ્યાસ, શશીકાંન્ત મોઢા, નિલુન્દું વોરા, શ્રી સુધીરભાઈ દેસાઈ, શ્રી ભરતભાઈ કવિ, શ્રી સીતારામ પટેલ તથા ડૉ. ટી.બી. પટેલ અને શ્રી કિરીટભાઈ સુથારની હાજરીમાં ચરણ સેવાનો કાર્યક્રમ યોજાયો હતો.

સેવા મંડળ મેઘરજના કાર્યકરો તથા શ્રીલાલુભાઈ આંબલીયાની સાથે રહી ૨૨ શાળાઓમાં રૂા. ૩૮૫૦ વિદ્યાર્થીઓને તથા નગરજનોને પગરક્ષણ માટે ચરણ સેવા પહોંચાડયા હતા.

વિદ્યાર્થીઓ, ગ્રામજનોએ પ્રતિવર્ષ ૧૯૯૧થી મળતી સહાયને બિરદાવી હતી. પગરખાં પહોંચાતા કરવામાં શાળાના આચાર્ય, સંસ્થાના કાર્યકરોએ સહયોગ આપેલ હતો.

## ગાંધીનગરના સરકારી મકાનોમાં સખી મંડળો દ્વારા વિશ્રામગૃહો બનાવવાની માંગણી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં રાજ્યભરમાંથી કર્મચારીઓ બદલીથી આવતા હોય છે. તેમજ વિવિધ ખાતાની તાલીમ વર્ગો યોજાતા હોય છે. આવા કર્મચારીઓને રોકવા તથા જમવાની વ્યવસ્થા માટે તાલીમ હોસ્ટેલો બનાવીને તેનું સંચાલન સખી મંડળો મહિલા આર્થિક વિકાસ મંડળને વહિવટ સોપીને કર્મચારીઓના પ્રશ્ન હલ થઈ શકે છે. વાર્ષિક કોન્ટ્રાકટ પધ્ધતિથી કામગીરી સોપવામાં આવે. પાટનગરના મુલાકાતીઓને ચા- પાણી- જમવાની સુવિધા વ્યવસ્થિત મળે. અમદાવાદના બદલે ગાંધીનગરમાં તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે તો સરકારશ્રીને નાણાંકીય મોટાપાયે બચત થાય તેમ છે.

૧૪ યુનિટ ધરાવતા બ્લોકમાં જિલ્લા ભવનો બનાવવા જોઈએ. જેમાં જે તે જિલ્લાના મુલાકાતીઓને રહેવાની સગવડ મળી શકે. દૂર દૂરથી કચ્છ- ડાંગ, આહવા, વલસાડ, સોમનાથ, દ્વારકા, પોરબંદરથી આવતા મુલાકાતીઓને સગવડ મળી રહે તેમ લોકોની માંગણી પ્રબળ બની છે.

## ગુજરાત સામાજિક ન્યાય સંગઠન ૧૪મીએ આંબેડકર જન્મ જયંતિ ઉજવશે

ગાંધીનગર, તા.૧૨

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૪મી એપ્રિલ-૨૦૧૨ના રોજ ૧૨૧મી જન્મ જયંતિ હોવાથી ગુજરાત સામાજિક ન્યાય સંગઠન દ્વારા તેની શાનદાર ઉજવણી કરવામાં આવશે.

ડૉ. બાબા સાહેબ આંબેડકરને આખા વિશ્વ એ મહામાનવ તરીકે સ્વીકાર્યા છે ત્યારે દલિત સમાજ સ્વભાવિક પણે જ તેમને સદૈવ યાદ કરતો રહેશે અને આવા પ્રસંગે દલિતો મસિહા વિશ્વવિભૂતિ ડૉ. બાબા સાહેબ આંબેડકરને ગુજરાત સામાજિક ન્યાય સંગઠ્ન દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ઝવેરભાઈ ચાવડા (નિવૃત્ત આઈ.એ.એસ.) વિધાનસભાના સામેની ડૉ. બાબા સાહેબની પ્રતિમા, ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ વાગે ઉપસ્થિત રહેશે. સાથે સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ નગરના ભાવિક નાગરિકો પણ ઉપસ્થિત રહી બાબા સાહેબને અંજલિ આપશે. એવું સંસ્થાના પ્રદેશ મંત્રી કે.આઈ. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચ-૭ થી સેક્ટર-૩૦ના સર્કલ માર્ગ પર આવેલી વાંસની ડાળીઓ વાહનચાલકો માટે જોખમરૂપ : દૂર કરવા માંગ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના મુખ્ય માર્ગો પર રોડ સાઈડ પર ઘણા વૃક્ષોની ડાળીઓ નમીને રોડ પર ઝૂકી પડેલી હોવાનું માલુમ પડ્યું છે. ખાસતો ચ-૭થી સેક્ટર-૩૦ના સર્કલ સુધીના માર્ગ પરના કિનારે આવેલી વાંસની ડાળીઓ ઘણી નમેલી હોવાથી વાહન ચાલકો માટે જોખમી રૂપ બની છે. ઘણા વાહનચાલકોને રાત્રે શારીરિક ઈજા પહોંચી હોવાની ફરિયાદો મળી છે.

ગાંધીનગર શહેરના ચ-૭ માર્ગથી સેક્ટર-૩૦ના સર્કલ સુધીનો માર્ગ છેલ્લા ઘણા સમયથી વાહનચાલકો તથા સ્થાનિકજનોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ માર્ગ પર વન વિભાગની સૂકા લાકડાંની હરાજીનું પીઠું છે તથા લીલા વાંસના વૃક્ષોની મજબૂત લાંબા વાંસની ડાળીઓ રોડ પર નમેલી તથા વિસ્તાર પામેલી છે. પરિણામે ઘણા વાહનચાલકોને ગફલતમાં રોડ સાઈડ આવતાં ગંભીર ઈજાઓ પહોંચે તેવી દહેશત પ્રવર્તી છે. ઘણીવાર વાંસની ડાળીઓ વાહનોને કે વાહનચાલકોને અથડાઈને છોલાઈ જતાંની ફરિયાદો મળી છે. પરિણામે સત્તાવાહકો આ ડાળીઓ સત્વરે દૂર કરે તેવી જાગૃત નાગરિકોની માંગ પ્રવર્તી રહી છે.

## રૂપાલમાં શિવ મહાપુરાણ કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

દેવાધીદેવ મહાદેવના ગુણગાન કરતી શિવકથાનું યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રૂપાલના વરદાયીની માતાના સાનિધ્યમાં જાહેર આયોજન કરવામાં આવ્યું છે.

સંગીતમય કથાનું ગાન ૩ થી ૬ કલાક દરમિયાન તા. ૨૬મી એપ્રિલથી ૪થી મે સુધી થશે. ૫ મીએ ના રોજ બપોરે ૩ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. શિવકથામાં જ્યોતિર્લિંગ પ્રાગટ્ય, માતાજી પ્રાગટ્ય, ગણેશ, કાર્તિકેય પ્રાગટ્યુ, શિવ વિવાહ જેવા ધાર્મિક પ્રસંગો પણ ધામધૂમપૂર્વક યોજાશે. કથામાં પધારવા સૌ ભક્તજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન દ્વારા ૧૪મીએ આંબેડકરજીનો પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ભારત રત્ન અને દેશના ઉત્કૃષ્ઠ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ ૧૪મી એપ્રિલ-૨૦૧૨ને શનિવારે સવારે ૯ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે, નવા સચિવાલય સામે યોજાશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિના કાર્યક્રમ સંદર્ભે સંસ્થાના કારોબારી સભ્યો, હોદ્દેદારો, નગરજનો, અને સ્નેહીજનોને ઉપસ્થિત રહેવા ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરના પ્રમુખ બી.પી. પરમાર અને મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## યારી દોસ્તી બડી હી હસીન હૈ, યે ના હો તો ક્યા ફીર, બોલો યે ઝિંદગી હૈ ...

૧૯૯૪માં ગુરૂકુળ સેકટર-૨ ૩ની સ્કૂલમાં બાપુ સર ગણિત ભણાવતા હતા. સર બોર્ડ પર બીજગણિતના આંકડા મેળવતા હતા ત્યારે છેલ્લી બેચની ત્રણેય લાઈન પર બેઠેલા ચાર છોકરાઓ- એકબીજા માટે સાવ નવા ચહેરા તેવા છોકરારડાઓ એકબીજાનો પરિચય લઈ રહ્યા હતા. દિગ્વીજય સોલંકી, દેવાંગ ટાંક, કુલીન ઉપાધ્યાય અને જય ઓઝા.

સ્કૂલ ફ્રેન્ડસ હવે જીવનની પાઠશાળા શરૂ થઈ ગઈ છે, ત્યારે પણ તેમની મિત્રતા ૧૮ વર્ષ પહેલા ગુરુકુળના વર્ગ ખંડમાં હતી તેવી જ તાજગી સભર છે.

મ્યુઝિકલ, ફિલ્મ અને ક્રીએટીવીટી આ ત્રણ ગુણ ચારેય મિત્રોમાં સમાન હા! ફોટોગ્રાફીને તો ભૂલાય જ કેમ! આ ચાર સમાન રસ- રુચિ ધરાવતા છોકરડાઓના ઘરે આજે તો પારણાં બંધાઈ ગયા છે. પણ આમની નિખાલસ મિત્રતાને આજે પણ તેઓ સ્વસ્ત રહ્યા છે.

એકબીજાનો સાથ તેમની માટે દમના દર્દીની શ્વાસ લેવાની પાઈપ સમાન છે.

શાળા જીવન પૂર્ણ થતા એક પછી એક દરેક મિત્રો અલગ અલગ વિદ્યાશાખામાં જોડાઈ ગયા. દિગ્વીજય અંગ્રેજી વિષય સાથે અનુસ્નાતક થયો અને આજે પોતાની જ અલગ સ્કૂલ ચલાવે છે. દેવાંગ કમ્પ્યુટરમાં પી.જી.ડી.સી.એ. થયો અને અત્યારે ઈન્ફોસિટીમાં એક સારી કંપનીમાં જોબ કરે છે. કુલીન એમ.સી.એ. થઈને મુંબઈમાં સારી કંપનીમાં સેટલ છે અને જય સંસ્કૃત વિષયમાં પી.એચડી કરતાં કરતા એક સ્કૂલમાં શિક્ષક છે.



કહેવાનો મતલબ કે ભેગા થયા પછી તરત જ અગિયારમાં ધોરણથી બધા જ અલગ અલગ ફિલ્ડમાં ભણવાના અને નોકરીના ક્ષેત્ર જુદા હોવા છતાં પણ આટલા વર્ષો પછી હજી સ્થળ- કાળ- ના બાધ ચિરી નાખતી મિત્રતા ટકી રહી છે.

હરણ ઉદ્યાનની કોતરોમાં, ૩૦ સેકટરના બ્રીજ નીચે કે વનચેતનામાં ગાંધીનગરનો એવો કોઈ ખૂણો બાકી નહીં રહ્યો હોય જ્યાં ફોટોગ્રાફી નહીં કરી હોય.. ધૂળેટીમાં બધા મિત્રો ભેગા થઈને ચહેરા ન ઓળખાય તેવા થઈને આખા ગામમાં ફરીને બધાને બહાર કાઢી કાઢીને રંગી નાખીએ.

**સંબંધ સજાવે જિંદગી**
**ભાઈ જેવો ભાઈબંધ**
- જય ઓઝા
gsrelation@yahoo.com

એકબીજાના જન્મદિવસે આગલા દિવસે રાત્રે સરપ્રાઈઝ વીશ કરીને સામાવાળાને હતપ્રત કરી નાખીને તે સમયે બર્થ ડે બોયના મુખ પરની હર્ષની લાગણી જોવાની મજા લેવાની.

માનસિક, શારીરિક કે આર્થિક રીતે દરેક જણ એકબીજાના કપરા સમયમાં કીધા વગર હાજર જ હોય. પરિસ્થિતિઓ અને સંજોગો બદલાય ત્યારે જ મિત્રતાનો ખરો કસોટીકાળ શરૂ થતો હોય છે.

આ ચારેય મિત્રોની કુંડળીમાં મિત્ર ગ્રહ કેન્દ્ર સ્થાને છે. એટલે પછી કોઈ રાહુ, કેતુ કે શનિથી ગભરાવાની જરૂર નથી.

જયના મોટાભાઈની જીવલેણ બિમારી વખતે કે દેવાંગની બહેનનો નાની ઉંમરે થયેલો અકસ્માત હોય, ચારેય મિત્રતાનું કોચલું આવા કપરા સમયમાં બહારના આક્રમણોથી રક્ષણ માટે હાજર જ હોય.

જીવનના સૌથી દુખદ અને કપરા સમયને નાની ઉમરે જોનારા મિત્રોને અડધી રાત્રે ફકત એક રીંગ મારીને ભેગા કરીને રાહત મેળવી છે. ફોન પર શબ્દોની આપલે નહિવત હોય અને ભાવનાઓ અને સંવેદનાઓ પૂર ઝડપે એકબીજાને ઓથ આપતી હોય..

રાત્રે છેલ્લા શોમાં પિકચર જોઈને આવતી વખતે પેટ્રોલ ખૂટે અને એક વાગે ફોન પર સીધુ એટલું જ કહેવાનું - બોટલ લઈને જલ્દી આવ. કોઈ જ શિષ્ટાચાર નહીં.

નાની- નાની બાબતો મિત્રતાને ઘનિષ્ઠ બનાવે છે. જન્મદિવસ પર રાત્રે બાર વાગે કેક અને કેન્ડલ સાથે મિત્રોને ઊંઘમાંથી ઉઠાડીને વિશ કર્યુ છે.

ચાર મિત્રોમાંથી ધીરે ધીરે લગ્ન કરીને આઠ થયા અને હવે મિત્રતાની બીજી પેઢી તૈયાર થઈ રહી છે. ત્યારે મિત્રોનો એક આખો પરિવાર બની રહ્યો છે.

થોડું જતું કરવાની ભાવના મિત્રતાને હંમેશા ટકાવી રાખે છે.

હસીને વાત કરતા હોઈએ તો પણ આપણા કૃત્રિમ હાસ્યને ઓળખીને કહી દે કે - કેમ યાર મુડમાં નથી. !

ક્યારેય કોઈ વાતને સમજાવવી પડી નથી. અડધા વાક્યોને આખુ કરીને સમજી લેવાની કુશળતા દરેકને ઈશ્વરે આપી છે.

અલક- મલકની વાતો કરતા રાતના શોમાં પિકચર જોઈને આવતા હોઈએ ત્યારે પોલીસ અંકલની દમદાટી ખાધી છે. રાજશ્રી માંથી રાત્રે પિકચર જોયા પછી દિવાલ પરથી ગમતા પિકચરના પોસ્ટરને ફાડતી વખતે જમાદાર પાછળ પડ્યો હતો અને ચારેય ચાર અલગ અલગ દિશામાં ભાગીને કલાક પછી હાંફતા હાંફતા ભેગા થયા હતા.

ફનરિપબ્લિકમાં ફોટોગ્રાફીની મનાઈ છે, ત્યાં ફોટા પાડ્યા છે, આગાશી પર રાતોની રાતો વાતોના વડા કર્યા પછી સવારે છાપાવાળા સાથે ઘરે ગયા છીએ. ઢગલાબંધ પીઝા ઝાપટ્યા પછી વધેલા કટકા માટે ઝઘડયા છીએ. સ્કૂલમાં જતી વખતે દિગ્વીજયના ટીએફઆર લ્યૂના પર તેના બંને ખભે હાથ રાખીને સાયકલ પર જતા- જતા પડ્યા છીએ. એનસીસીમાં પરેડ ન કરવી વડે એટલે પગમાં ગુલાબી પાટો બાંધીને પરેડમાંથી ગુલ્લી મારીને રખડ્યા છીએ. હેલિપેડ પર ક્રિકેટ ટીચ્યું છે.

તો સાથે સાથે દેવાંગના અકસ્માત વખતે એપોલોમાં પણ રાત કાઢી છે. જયના મોટાભાઈની બિમારી વખતે સમય સ્થળ જોયા વગર સતત સાથે રહ્યા છે. હા! દિગ્વીજયને ટાઈફોડ થયો તે વખતે જ્યુસની બોટલ અને દવાના પડિકા લઈને સીટી પલ્સમાં પીકચર પણ જોયું છે.

શાળા- કોલેજ પછી હવે અમે સૌ મિત્રો જુદી જુદી ઘટમાળ સાથે સંકળાઈને જીવનની મુગ્ધતા વટાવીને મજાક- મસ્તીના નિશ્ચિંતતાના દિવસો પાછળ છોડીને, કલ્પનાઓના આકાશમાંથી, વાસ્તવિકતાની જમીન પર દોડતા નોકરી- ધંધે વળગી સેટલ થઈ રહ્યા છીએ. પણ અમે ચાર જ જીવનના આખરી પડાવ સુધી સાથે મળીને જીવનનું ઈસ્ટમેનકલર મુવી જોતા હશું તેનો વિશ્વાસ છે.

ઈશ્વરનો આભાર કે આ દંભી અને સ્વાર્થી દુનિયામાં અમારા લાગણીશીલ અને સંવેદનશીલ બુધ્ધુઓને ભેગા કરી દીધા કે એકબીજાની ઓથે ઓથે દુનિયાનો સામનો કરીએ છીએ.